દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર

ગુજરાતમિત્ર ૧૬૨ વર્ષ

મંગળવાર ૨૯ એપ્રિલ, ૨૦૨૫

# આકરા ટેરિફ પછી પણ ચીન અમેરિકા સામે ઝુકે તેવા સંકેતો નથી

ચીન પર અને ભારત સહિત ઘણા દેશો પર અમેરિકી પ્રમુખ ટ્રમ્પે આકરા આયાત ટેરિફ ઝીંક્યા છે. જો કે હાલ ચીન સિવાયના વિશ્વના મોટા ભાગના દેશો માટે ટ્રમ્પે આ ટેરિફના અમલમાં ૯૦ દિવસનો આપેલો વિરામનો સમયગાળો ચાલી રહ્યો છે ત્યારે ચીન માટે ટેરિફનો અમલ ચાલુ થઇ ગયો છે.

9 એપ્રિલ, 2025 ના રોજ, ટ્રમ્પે ચીની માલ પર ટેરિફ વધારીને 125% કર્યો. ટ્રમ્પના કહેવા મુજબ, આ પગલું બેઈજિંગના વૈશ્વિક બજારો પ્રત્યે આદરના અભાવ દ્વારા પ્રેરિત હતું. પરંતુ અમેરિકી પ્રમુખ કદાચ બેઈજિંગની અમેરિકી ટેરિફનો સામનો કરવાની સ્પષ્ટ તૈયારીથી વાકેફ હતા. જ્યારે ઘણા દેશોએ ટ્રમ્પના હાલ વિલંબિત રેસિપ્રોકલ ટેરિફ વધારા સામે બદલો લેવાનું પસંદ કર્યું નહીં, તેના બદલે વાટાઘાટો અને સંવાદની તરફેણ કરી, ત્યારે બેઈજિંગે એક અલગ વલણ અપનાવ્યું. તેણે ઝડપી અને મક્કમ વળતા પગલાં સાથે પ્રતિક્રિયા આપી. 11 એપ્રિલના રોજ, ચીને ટ્રમ્પના પગલાંને જોક તરીકે ફગાવી દીધા અને અમેરિકા સામે પોતાનો ટેરિફ વધારીને 125% કર્યો. ત્યારબાદ ટ્રમ્પે ફરીથી ચીન પર ટેરીફ ઝિંક્યા અને ચીન પર અમેરિકાના ટેરિફ ૨૪૫ ટકા જેટલા થઇ ગયા. બંને અર્થતંત્રો હવે સંપૂર્ણ, ઉચ્ચ-તીવ્રતાવાળી વેપાર મડાગાંઠમાં ફસાયેલા છે. અને ચીન પીછેહઠ કરવાના કોઈ સંકેતો બતાવી રહ્યું નથી. અને એક નિષ્ણાત અભિપ્રાય પ્રમાણે ચીને આવી પીછેહટ કરવાની જરૂર પણ નથી. ટ્રમ્પના શરૂઆતના કાર્યકાળ દરમિયાન થયેલા પ્રથમ અમેરિકા-ચીન વેપાર યુદ્ધથી વિપરીત, જ્યારે બેઈજિંગે અમેરિકા સાથે વાટાઘાટો કરવાનો પ્રયાસ કર્યો હતો, તેના કરતા ચીન હવે ઘણી વધારે લાભની સ્થિતિ ધરાવે છે. ખરેખર, બેઈજિંગ માને છે કે તે ઓછામાં ઓછું અમેરિકાને તેટલું તો નુકસાન પહોંચાડી જ શકે છે જેટલું ચીન અમેરિકાને નુકસાન પહોંચાડી શકે છે, જ્યારે તે જ સમયે તેની વૈશ્વિક સ્થિતિને મજબૂત કરી રહ્યું છે. આટલા દિવસમાં ચીને ઝુકવાના કોઇ સંકેતો બતાવ્યા નથી.

જો કે એ પણ વાસ્તવિકતા છે કે ચીનના નિકાસ-લક્ષી ઉત્પાદકો માટે ટેરિફના પરિણામો ગંભીર છે - ખાસ કરીને દરિયાકાંઠાના પ્રદેશોમાં અમેરિકન ગ્રાહકો માટે ફર્નિચર, કપડાં, રમકડાં અને ઘરેલું ઉપકરણોનું ઉત્પાદન કરતા ઉત્પાદકો માટે. પરંતુ ટ્રમ્પે 2018 માં પહેલી વાર ચીન પર ટેરિફ વધારો શરૂ કર્યો ત્યારબાદથી તો ઘણા પરિબળો ચીનની તરફેણમાં ગયા છે. નિર્ણાયક રીતે, ચીનના નિકાસ-સંચાલિત અર્થતંત્ર માટે અમેરિકા બજારનું મહત્વ નોંધપાત્ર રીતે ઘટ્યું છે. 2018માં, પ્રથમ વેપાર યુદ્ધની શરૂઆતમાં, અમેરિકા માટેની નિકાસ ચીનની કુલ નિકાસના 19.8% હતી. 2023 માં, તે આંકડો ઘટીને 12.8% થઈ ગયો હતો. આ ટેરિફ ચીનને તેની ઘરેલુ માંગ વિસ્તરણ વ્યૂહરચનાને વધુ વેગ આપવા માટે પ્રેરિત કરી શકે છે, જેનાથી તેના ગ્રાહકોની ખર્ચ શક્તિ છૂટી થઈ શકે છે અને તેની સ્થાનિક અર્થવ્યવસ્થા મજબૂત થઈ શકે છે. અને જ્યારે ચીન 2018 ના વેપાર યુદ્ધમાં મજબૂત આર્થિક વિકાસના તબક્કામાં પ્રવેશ્યું હતું, ત્યાર કરતા વર્તમાન પરિસ્થિતિ તદ્દન અલગ છે. ચીન આ ટેરિફ વધારાનો લાભ પોતાની અર્થવ્યવસ્થાને સુધારવા પણ કરી શકે છે.

ચીન એ પણ સમજે છે કે અમેરિકા ચીની માલ પરની તેની નિર્ભરતાને સરળતાથી બદલી શકતું નથી, ખાસ કરીને તેની સપ્લાય ચેઈન દ્વારા. જ્યારે ચીનથી સીધી અમેરિકી આયાતમાં ઘટાડો થયો છે, ત્યારે ત્રીજા દેશોમાંથી આયાત થતી ઘણી વસ્તુઓ હવે હજુ પણ ચીની બનાવટના ઘટકો અથવા કાચા માલ પર આધાર રાખે છે. એક મહત્વની ગણતરી એ છે કે વધતા ટેરિફથી કિંમતો વધવાની ધારણા છે, જે અમેરિકન ગ્રાહકોમાં, ખાસ કરીને બ્લુ-કોલર મતદારોમાં અસંતોષ પેદા કરી શકે છે. ખરેખર, બેઈજિંગ માને છે કે ટ્રમ્પના ટેરિફ અગાઉના મજબૂત અમેરિકન અર્થતંત્રને મંદી તરફ ધકેલવાનું જોખમ ધરાવે છે. બદલાયેલા આર્થિક વાતાવરણની સાથે, ચીન પાસે અમેરિકા સામે બદલો લેવા માટે ઘણા વ્યૂહાત્મક સાધનો પણ છે. તે વૈશ્વિક દુર્લભ ખનિજ પુરવઠા શ્રૃંખલા પર પ્રભુત્વ ધરાવે છે - લશ્કરી અને ઉચ્ચ-ટેક ઉદ્યોગો માટે મહત્વપૂર્ણ એવા આ ખનિજો કેટલાક અંદાજો અનુસાર, અમેરિકાની દુર્લભ ખનિજોની આયાતનો આશરે 72% સપ્લાય ચીન પાસેથી આવે છે. ચીન આ સ્થિતિનો સારો લાભ ઉઠાવી શકે છે. અને ટેક સેક્ટરમાં જોઈએ તો ઘણી અમેરિકન કંપનીઓ - જેમ કે એપલ અને ટેસ્લા - ચીની ઉત્પાદનો સાથે ગાઢ રીતે જોડાયેલી છે. ટેરિફ તેમના નફાના માર્જિનને નોંધપાત્ર રીતે ઘટાડવાનો ભય સર્જે છે.

જે બાબત અંગે બેઈજિંગ માને છે કે તેને ટ્રમ્પ વહીવટ સામે લાભના સ્ત્રોત તરીકે ઉપયોગ કરી શકાય છે. ચીન આ ટેરિફોનો લાભ લઈને યુરોપિયન યુનિયનમાં પોતાની સ્થિતિ મજબૂત બનાવી રહ્યું છે, બીજી બાજુ, ટેરિફ વૉરથી ડોલર નબળો પડી રહ્યો છે જે બાબત પણ ચીનની તરફેણમાં જઇ શકે છે. આમ ટેરિફ વધારો ચીન માટે લાભદાયક પણ પુરવાર થઇ શકે છે.

## મિલિયન ડોલર પેન્ટિંગ

ચાર્જિંગ પોઈન્ટ

હેતા ભૂષણ

એક દિવસ એક હોટલમાં પિકાસોને એક મોટા ઘરની શ્રીમંત મહિલા મળી. તેણે તેમની પાસે જઈને કહ્યું, ‘હું આપની કલાની ચાહક છું.મને તમે એક પેન્ટિંગ દોરી આપો.’પિકાસોએ કહ્યું, ‘અહીં અત્યારે એ શક્ય નથી. તમે મને શાંતિથી મળજો. હું તમને ચોક્કસ પેન્ટિંગ દોરી આપીશ.’મહિલાએ કહ્યું, ‘આજે આપણે મળ્યા તેની યાદ રૂપે તમે મને કંઇક તો દોરીને આપો જ.’પિકાસોએ ફરી કહ્યું, ‘પણ મેડમ, મારી પાસે કોઈ પેન્ટિંગનાં સાધનો પણ નથી.’મહિલાએ જીદ કરતાં કહ્યું, ‘વાંધો નહિ, તમે મને પેન કે પેન્સિલની મદદથી લો, આ કાગળ પર કંઈ પણ યાદગીરી માટે દોરી આપો પછી આપણે મળીએ કે ન મળીએ.’ અંતે મહિલાની લાગણી અને જીદ સામે ઝૂકી જઈને પિકાસોએ મહિલાના હાથમાંથી કાગળ લઇ હોટલની રીસેપ્શનીસ્ટ પાસેથી એક પેન માંગી અને ઊભા ઊભા ત્રીસ મીનીટમાં એક પેન્ટિંગ દોરી આપ્યું અને બોલ્યા, ‘મેડમ, તમારી મારા પ્રત્યેની અને કળા પ્રત્યેની લાગણીને કારણે આ મારા તરફથી આપને એક નાનકડી અમૂલ્ય ભેટ.’ મહિલા ખૂબ ખૂબ આભાર માની ત્યાંથી નીકળી ગઈ.તે વિચાર કરી રહી હતી કે કલાકારો સાચે ધૂની હોય. મારી વિનંતીને માન આપી તેમણે મારા જ આપેલા કાગળ પર માત્ર પેનથી ઊભા ઊભા એક ચિત્ર દોરી આપ્યું તેને અમૂલ્ય ભેટ કહે છે.મહિલાએ ઘરે આવી પોતાના અમીર ઉમરાવ પતિને પિકાસો સાથેની મુલાકાત વિષે વાત કરી અને તેમણે દોરીને આપેલું પેન્ટિંગ બતાવ્યું. પત્નીની વાત સાંભળી પતિ ઊભો થઇ ગયો અને વારંવાર પૂછવા લાગ્યો, ‘શું આ સાચે પિકાસોએ ઊભા ઊભા દોરીને આપ્યું છે.’પત્નીએ કહ્યું, ‘હા, પણ એમાં શું કામ વારંવાર પૂછો છો?’ પતિએ કહ્યું, ‘તને ખબર છે પિકાસોના હાથથી દોરાયેલા આ નાનકડા ચિત્રની કિંમત મિલિયન ડોલરથી વધુ ગણાય.’પત્ની બોલી, ‘હવે મને સમજાયું કે ચિત્ર આપતી વખતે તેઓ બોલ્યા હતા મારા તરફથી અમૂલ્ય ભેટ.’ બીજે દિવસે તે મહિલા પિકાસોને મળવા પહોંચી ગઈ અને આભાર માનતાં કહેવા લાગી, ‘આપના દ્વારા ઊભા ઊભા ૩૦ સેકન્ડમાં દોરાયેલા નાના ચિત્રની કિંમત મારા પતિ કહે છે કે મિલિયન ડોલરથી પણ વધુ કહેવાય. તો મારે તમને હજી એક વિનંતી કરવી છે કે મને તમે ચિત્ર દોરતા શીખવાડો. ભલે, હું ૩૦ સેકન્ડમાં નહિ પણ ૩૦ થી ૪૦ મીનીટમાં આવું ચિત્ર દોરી શકીશ તો મારું ચિત્ર પણ મિલિયન ડોલરમાં વેચાશે.’ પિકાસો બોલ્યા, ‘મેડમ,૩૦ સેકન્ડમાં હું ઊભા ઊભા ચિત્ર દોરું અને તો પણ તેની મિલિયન ડોલરમાં કિંમત એટલે થાય છે કે ચિત્રકલા શીખવામાં મેં મારા જીવનનાં ૩૦ વર્ષ આપ્યાં છે.દિવસ રાત જોયા વિના કલાની સાધના કરી છે અને આજે પણ શીખી જ રહ્યો છું.બસ, તમે પણ આટલી મહેનત કરો. જીવનનાં ત્રીસ વર્ષ આપો એટલે તમારું ચિત્ર પણ મિલિયન ડોલરમાં વેચાશે.’

# ઉચ્ચ શિક્ષણમાં નવી નીતિના નામે મૂલ્યાંકન કે ધોરણોનું અવમૂલ્યન

**શિક્ષણ-સંસ્કાર**

**કાર્તિકેય ભટ્ટ**

**માત્ર લેખિત પરીક્ષા દ્વારા વિદ્યાર્થીના જ્ઞાનનું મૂલ્યાંકન કરવાની પરંપરાગત પદ્ધતિની અનેક મર્યાદા છે. વિદ્યાર્થીના સમગ્ર વ્યક્તિત્વનું મૂલ્યાંકન કરવા માટે અન્ય પાસાં પણ તપાસવાં પડે. ચર્ચામાં જોડાય, પ્રોજેક્ટ વર્ક, એસેન્મેન્ટ, હેતુલક્ષી પરીક્ષા, ક્વીઝ, વકતૃત્વ દ્વારા તેના સર્વાંગી વિકાસનું મૂલ્યાંકન થઈ શકે**

બંધારણનો ઘડવૈયા ડૉ બાબાસાહેબ આંબેડકરે દેશમાં બંધારણના અમલ બાદ કહ્યું હતું કે ‘‘બંધારણ ગમે તેટલું મહાન હોય તેનો અમલ કરનારા કેવા છે તેના પર તેના પરિણામનો આધાર છે”. બસ આવું જ નવી શિક્ષણ નીતિના સંદર્ભે કહી શકાય કારણકે આમ તો શિક્ષણ નીતિ ૨૦૨૦ એ શિક્ષણ ક્ષેત્રનું નવું બંધારણ છે. આ નીતિની જાહેરાત સમયે તેનાં ઘણાં વખાણ થયાં હતાં પણ હવે જેમ જેમ અમલનો અનુભવ થતો જાય છે તેમ તેમ બાબાસાહેબે કહેલી વાત અહીં પણ લાગુ પડતી જાય છે.

ઉચ્ચ શિક્ષણમાં નવી શિક્ષણના અમલમાં બે વર્ષ પૂરાં થયાં અને વ્યાવહારિક મુશ્કેલીઓ આવવા પણ માંડી. એક તો ગુજરાતમાં સેમેસ્ટર પ્રથા આવી ત્યારથી શિક્ષણની ઘોર ખોદાઈ જ ગઈ છે. છ મહિનાના સત્રમાં એક મહિનો પ્રવેશમાં જાય અને માંડ બે મહિના શિક્ષણ થાય ના થાય ત્યાં પરીક્ષા આવી જાય છે અને પછી વેકેશન થાય છે. વિજ્ઞાન પ્રવાહમાં તો પ્રેક્ટીકલ પરીક્ષાનું તંત્ર એટલું લાંબુ ચાલે છે કે તે શિક્ષણના દિવસો પણ ખાઈ જાય છે. હવે નવી મુશ્કેલી ઊભી થઇ છે અને તે છે નવી શિક્ષણ નીતિ અંતર્ગત આપવામાં આવેલ વિષયવૈવિધ્યની. નવી શિક્ષણનીતિમાં હવે આર્ટસ, કોમર્સ, સાયન્સ અને તેના જ વિષયોનું નિશ્ચિત માળખું એવું રહ્યું નથી. હવે વિભાગોની સરહદો ઓળંગીને વિદ્યાર્થી બીજા વિષયો પણ પસંદ કરી શકે છે એટલે કે ભૌતિકશાસ્ત્ર સાથે તે અભિજ્ઞાન શાકુંતલ પણ ભણી શકે છે અને વળી તમામે ભારતીય જ્ઞાન પરમ્પરાનો એક વિષય ભણવાનો છે. એટલે હવે થયું છે એવું કે ખૂબ બધા વિષયો અને વિકલ્પોની પરીક્ષા લેવાની વ્યવસ્થા યુનિવર્સિટીએ કરવાની થાય છે અને નવા માળખામાં મૂલ્યાંકન પ્રક્રિયામાં પચાસ ટકા કોલેજ કક્ષાએ અને પચાસ ટકા મૂલ્યાંકન યુનિવર્સિટી કક્ષાથી થશે અને કોલેજ કક્ષાના મૂલ્યાંકનમાં એસાઈનમેન્ટ, સેમિનાર, ક્વીઝ, ચર્ચા જેવી અનેકવિધ પ્રવૃત્તિ દ્વારા વિદ્યાર્થીનું સર્વગ્રાહી મૂલ્યાંકન થશે.

હાલમાં જે જોવામાં આવ્યું છે તેમાં હવે કેટલીક યુનિવર્સિટીએ તો મુખ્ય બે વિષયના પેપર સિવાયના લગભગ ત્રણ વિષયનાં ત્રણ પેપરની પરીક્ષા અને મૂલ્યાંકન કોલેજને સ્થાનિક લેવલે જ સોંપ્યું છે એટલે ત્યાં તો 100 એ 100 ટકા મૂલ્યાંકન કોલેજે જ કરવાનું છે.

હવે વિચારવાનો મુદ્દો એ કે બધા જ વિષયમાં પચાસ ટકા માર્ક કોલેજ કક્ષાએ આપવાના હોય અને ત્રણ પેપરમાં તો સો એ સો ટકા માર્કિંગ કોલેજ દ્વારા જ થવાનું હોય તો ગુણવત્તાના પ્રશ્નો ઉદ્ભવવાના છે. વળી ગુજરાતમાં જે રીતે સેલ્ફ ફાઈનાન્સ કોલેજોનો રાફડો ફાટ્યો છે ત્યાં આ પ્રકારની મૂલ્યાંકન પદ્ધતિમાં ગુણવત્તાની આશા રાખવી કેટલા અંશે યોગ્ય થશે?

માત્ર લેખિત પરીક્ષા દ્વારા વિદ્યાર્થીના જ્ઞાનનું મૂલ્યાંકન કરવાની પરમ્પરાગત પદ્ધતિની અનેક મર્યાદા છે. વિદ્યાર્થીના સમગ્ર વ્યક્તિત્વનું મૂલ્યાંકન કરવા માટે અન્ય પાસાં પણ તપાસવાં પડે. આ દષ્ટિએ જોવા જઈએ તો તેઓ ચર્ચામાં જોડાય, પ્રોજેક્ટ વર્ક કરે, એસેન્મેન્ટ લખે, હેતુલક્ષી પરીક્ષા આપે, ક્વીઝ, વકતૃત્વ જેવી સ્પર્ધાઓમાં ભાગ લે અને તે દ્વારા તેના સર્વાંગી વિકાસનું મૂલ્યાંકન થઈ શકે. આ વાત વાંચવામાં અને બોલવામાં ઘણી જ આકર્ષક લાગે છે પણ આ તમામના પાયામાં છે નૈતિકતા અને જવાબદારીપણું.

વાસ્તવિકતામાં તો ક્લાસ રૂમના વિદ્યાર્થીની સંખ્યા જ એટલી છે કે ના બધાના સેમિનાર લઈ શકાય, ના બધાની ક્વીઝ યોજી શકાય. દોઢસો વિદ્યાર્થીનો એક વર્ગ હોય ત્યાં બધા પાસે પ્રોજેક્ટ કરાવવો, ચર્ચાઓ યોજવી અને સતત મૂલ્યાંકન કરવું અઘરું થઇ પડે. આમાં ફાયદો કે ગેરલાભ સેલ્ફ ફાઈનાન્સ કોલેજોને. કારણ ત્યાં, સેલ્ફ ફાઈનાસ કોલેજમાં ફી ભરવા માત્રથી માર્ક મળી જાય અને ગ્રાન્ટ ઈન એઈડ કોલેજ કે સરકારી કોલેજોમાં સેલ્ફ ફાઈનાન્સના વાદે માર્કની લહાણી થાય તો ગુણવત્તાનું તો ધબો નારાયણ થાય. માટે નવી શિક્ષણ નીતિમાં અનીતિને છુટ્ટો દોર મળવાની સંભાવના વધી ગઈ છે. સરકાર વિષયો વધવા સાથે અધ્યાપકો વધારવા નથી માંગતી માટે જ મલ્ટી ડીસીપ્લીનરી, ઈન્ટર ડીસીપ્લીનરી જેવા વિષયો કોલેજ કક્ષાએ જ ભણાવાય અને પરીક્ષા પણ કોલેજ જ લે તેવા નિયમો બનવા દેવાય છે. આમ પણ વિદેશોમાં કેમ્પસ યુનિવર્સિટીમાં ઓછા વિદ્યાર્થીઓ માટે નીતિમત્તાયુક્ત શિક્ષણનીતિ મોટી સંખ્યામાં કોલેજો અને વિદ્યાર્થીઓમાં લાગુ પડવી વ્યવહારુ બની રહી નથી એવું હાલ લાગી રહ્યું છે.

- આ લેખમાં પ્રગટ થયેલા વિચારો લેખકના પોતાના છે.

# તે પંખીની ઉપર પથરો, ફેંકતા ફેંકી દીધો....!

**મંગલ મસ્તી**

**રમેશભાઈ ચાંપાનેરી ‘રસમંજન’**

**તને કવિ કલાપીનો પરિચય ખરો? મને કહે, ‘કેવી વાત કરે છે, “ગઈ કાલે જ અમે બસમાં સાથે હતા. મેં એને મારી ઓળખાણ આપી, ‘હું કવિ બરછટ...!’અને એમણે એમ પણ કહ્યું કે, હું કવિ કલાપી, એમાં એમને કન્ડકટર સાથે પરચુરણ બાબતે રકઝક ચાલતી હતી**

‘તે પંખીની ઉપર પથરો ફેંકતાં ફેંકી દીધો’શું કવિતા હતી..? બારી આગળ ઊભા રહીને બ્રશ કરતાં કરતાં પણ અમે લલકારતા..! એમાં અમારા દાંત ચોખ્ખા રહેતા..!કલાપી આ કવિતાથી બાળવિખ્યાત વધારે થયેલા. આ કવિતા અમારા ભણવામાં આવતી બોસ..! કુછંદે ચઢવાની ઉંમરે અમે મંદાક્રાન્તા છંદે ચઢેલા. મિજાજે મિજાજે આ કવિતાનો અર્થ અલગ-અલગ કાઢતા. આ કવિતા થકી જ ચમનિયો પણ, કવિ થવાના રવાડે ચઢેલો. કવિ ‘બરછટ’તરીકેનું તખલ્લુસ ચઢાવી દીધેલું. ચમનિયો ભણતો ત્યારે, નિશાળ શરૂ થાય એ પહેલાં નિશાળમાં હાજર ને નિશાળ શરૂ થાય એટલે ઘરે..! મને કહે,’કલાપીની આ કવિતા, ‘તે પંખીની ઉપર પથરો ફેંકતાં ફેંકી દીધો’નું જે વિધાન આવે છે, એમાં ‘પંખી’આભાસી વિધાન છે. બાકી, નક્કી કોઈ માશુકાની બયાનબાજી આ કવિતામાં હોવી જોઈએ..! આવી જ લવરી એક દિવસ શિક્ષક આગળ કરવાનો થયેલો ને ગુરુજી એવા ઉકળ્યા કે, આ કવિતા રોજ દશ વાર લખીને લાવવાની શિક્ષકે સજા કરેલી. એટલું જ નહિ કલાપીના પહેરવેશમાં જ રોજ ભણવા આવવાનો કઠોર હુકમ છોડેલો. કવિતા લખાવી-લખાવીને આંગળીએ આંટણ પાડી દીધેલાં. ફાયદો એ થયો કે, અક્ષર સુધરી ગયેલા. એટલે તો એ ડોકટર નહિ બની શક્યો..!

એના કપાળમાં કાંદા ફોડું, મારું ચોઘડિયું ખરાબ હશે કે શું, એક દિવસ હું આ કવિતા ઉપર ‘ચાય પે ચર્ચા’કરવાનો થયો. એની માન્યતાને રદિયો આપવા ગયો એમાં તો, જીભ ઉપર ફોડચી કઈડી ગઈ હોય, એવી મારી હાલત કરી નાંખી. આપણને એમ કે, ધંતુરાએ ‘બરછટ’જેવું તખ્ખલુસ રાખેલું, એટલે કવિતાનો માણીગર હશે. પણ સાવ મોળો દૂધપાક નીકળ્યો. પછી તો આપણે પણ નાની શું કામ ફેંકીએ? ફેંકવામાં કસર છોડીને, પૂછ્યું કે, તને કવિ કલાપીનો પરિચય ખરો? મને કહે, ‘કેવી વાત કરે છે, “ગઈ કાલે જ અમે બસમાં સાથે હતા. મેં એને મારી ઓળખાણ આપી, ‘હું કવિ બરછટ...!’અને એમણે એમ પણ કહ્યું કે, હું કવિ કલાપી, પણ તમારા જેવો ‘બરછટ’કવિ નહિ..! એમાં એમને કન્ડકટર સાથે પરચુરણ બાબતે રકઝક ચાલતી હતી, પછી વચ્ચે પડીને મામલો બંદાએ જ થાળે પાડેલો..! તારા કપાળમાં કાંદા ફોડું, સાલો, ફેંકવામાં મારા કરતાં પણ સીનીયર નીકળ્યો. અલ્યા, ‘કલાપી એટલે જેનો જનમ ૨૬-૧-૧૮૭૪ ના રોજ થયેલો અને ૧૦-૬-૧૯૦૦ નાં રોજ તો ઉકલી ગયેલા..! લાઠીના જે રાજવી હોય, એ શ્રી સુરસિંહજી તખ્તસિંહજી ગોહિલ તારી સાથે બસમાં આવે..? પણ વાતનું પડીકું વાળવામાં એવો માહિર, કે તો એ કોઈ બીજા ‘કલાપી’ હશે?’તયે મેં એને કવિ કલાપીની આ રચના સંભળાવી...

પણ અડધી કવિતા વાંચી ત્યાં તો એના નાકેથી નસકોરા નીકળવા માંડ્યા. ચીમટો ખણીને ઉઠાડ્યો તો મને કહે, ‘કવિતામાં જો દમ હોય ને, તો મારા જેવા કવિના નાકમાંથી નસકોરા નહિ નીકળે, મોંઢામાંથી ‘વાહ-વાહ’નીકળે. આ તે કોઈ કવિતા છે..? તું મારી રચના સાંભળ.

આપણી તો કેવી જનમ જનમની પ્રીત

તું મારી ગરોળી ને હું જાણે તારી ભીંત

પંક્તિ સાંભળીને એવું ધનુર ઉપડ્યું કે, મારા શરીરના સઘળા સ્પેરપાર્ટસ હલી ગયા..! નામ તેવા ગુણ ના હોય, એવું તો ઘણી વાર સાંભળેલું, પણ ‘તખલ્લુસ જેવા ગુણવાળો પહેલી વાર મારી અડફટમાં આવ્યો. ખરેખર બરછટ...! એની જાત ને, લખવામાં જ નહિ, બોલવામાં પણ બરછટ..! રોજ મુઠ્ઠો ભરીને ગરમ-મસાલો ખાતો હોય એમ, અવાજ પણ એવો ઘોંઘાટી, કે કૂતરું પણ સ્થાન ત્યાગ કરી જાય..! તેલના ખાલી ડબ્બામાં કોઇ પથ્થર હલાવતો હોય, એવો અવાજ એના મુખદ્વારમાંથી નીકળે..! સાંભળનારને સમજ પડે કે ના પડે, રચના જ એવી બુલંદી પેશ કરે કે, શ્રોતાઓ ડોલતા થઇ જાય. આગળ બેઠેલાં શ્રોતાઓ ઉપર તો, રીતસરનો લાઠી ચાર્જ થતો હોય તેવું જ લાગે..!

આજે પણ એની લખેલી એક શાયરી, કપાયેલા પતંગની માફક મારા ભેજામાં ખોટકાયેલી છે બોલ્લ્લલો..!

કેવો શરીફ માણસ છે બરછટ, પત્નીને ચાહે છે

નવાઈની વાત કે, પોતાની પત્નીને જ ચાહે છે

ચચરાવી નાંખે એવી શાયરી સાંભળવા મળે ત્યારે, ગુપચુપ સાંભળી જ લેવાની. પાણીમાંથી મલાઈ કાઢવાની કોશિશ કરવા ગયા તો, કવિમાંથી ક્યારે ‘બરછટ’બની જાય, ભરોસો નહિ. છતાં, મારા ડહાપણની દાઢની પરવાહ કર્યા વગર એક વાર કહેવાઈ ગયેલું કે, ‘જે ઉંમરે માથે પટીયાં પાડવાનું નહિ આવડતું, એ સમયે આપણે સાથે કલાપીની કવિતા ભણેલા. ‘તે પંખીની ઉપર પથરો ફેંકતાં ફેંકી દીધો’તો હજી મગજની બખોલમાં વસવાટ કરે છે. તું કંઈ આવું લખ. મને કહે, ‘કલાપી જેવી આપણી લાઈન નહિ. આ કવિતામાં જીવદયા અને પ્રેમરસનું ‘કોલોબ્રેશન’છે, પંખી અને પથરો તો એક શ્લેષ છે. પથરો ફેંકતાં ફેંકી દીધાનો જે એકરાર બતાવ્યો છે, એ પ્રેમનો એકાકાર છે. કવિઓ બીજાના આધાર કાર્ડ લઈને જ કવિતાનું ચણતર કરે..! આપણી એ લાઈન નથી..! જિંદગીથી થાકેલો હોય, હાંફેલો હોય, કે દિશાશૂન્ય બની ગયેલો હોય, એ જો આ બરછટની રચનાને, ઉકરડે બેસીને પણ વાગોળે, તો તેના શ્વાસ ખૂટવા નહિ દે..! કેટલાંક કબજીયાતી તો એમની રચના ‘વેસ્ટર્ન’માં બેસીને લલકારતા હોવાથી, તેમને એવી રાહત થઇ જતી કે, ઘણાં તો એને આજે પણ ‘વેસ્ટર્ન કવિ’માને છે બોલ્લો..! એક વાર એની રચના જીભે ચઢી, પછી ઊતરે નહિ. એનું નામ કવિ બરછટ..!

**લાસ્ટ બોલ**

આદમી અને પ્રાણીમાં તફાવત છે મામૂ..!

માણસ જાતમાં ‘લીવ અને રીલેશન’નું લફરું તો હમણાં આવ્યું. પશુ પંખીમાં તો જનમ જાતથી..! જંગલમાં સિંહ ક્યારેય સિંહણથી ડરતો નથી, કારણ કે માત્ર સિંહણને પ્યાર કરે છે. સિંહણ સાથે આપણી જેમ લગન કરતો નથી. ત્યારે માણસમાં અલગ..! એ સ્ત્રી સાથે લગન કરે છે, પણ પ્રેમ કરતો નથી અને કરતો હોય તો ફૂટપટ્ટીથી માપી-માપીને કરે છે..! એટલે બબાલ અટકતી નથી.

તારા કપાળમાં કાંદા ફોડું..!

- આ લેખમાં પ્રગટ થયેલા વિચારો લેખકના પોતાના છે.

# ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

## એક અનોખી પ્રથા

આ એક ગામની અનોખી પ્રથા વિશે જાણવા જેવું છે. આ ગામમાં કોઈના પણ ઘરે રસોઈ બનતી નથી પરંતુ બધાની રસોઈ એક જ જગાએ બને છે અને ગામલોકો બધાં સાથે બેસીને ભોજન કરે છે. પરંતુ આવું કેમ? એવો સવાલ થાય છે ને? તો આનો જવાબ છે આ ગામની જનસંખ્યા 1000ની જ છે. જેમાંથી અમુક લોકો આસપાસનાં મોટાં શહેરોમાં વસે છે તો અમુક જણ વિદેશમાં સેટલ થઈ ગયાં છે તેથી ગામમાં સૌથી વસ્તુ સંખ્યા વડીલોની છે. બસ, આ કારણે વડીલોએ પોતાના ઘરે જાતે રસોઈ બનાવવી નહીં પડે એ માટે ગ્રામજનોએ ભેગાં મળી એક જ જગ્યાએ રસોઈ બનાવી સાથે જમવાનું નક્કી કર્યું. આ માટે ગ્રામજનો સાથે બેસીને જમતાં જમતાં સુખ-દુઃખની વાતો કરે, એકબીજાને મદદરૂપ બને છે અને સાથે બેસી ચર્ચા વિચારણા કરીને મોટામાં મોટી મુશ્કેલીઓનો ઉકેલ પણ બતાવે છે. આ અનોખું ગામ આપણા ગુજરાતમાં મહેસાણા જિલ્લાનું ‘ચાંદણકી’ ગામ છે. વળી આ ગામને ‘નિર્મળ’ અને ‘તીર્થધામ’ જેવા એવોર્ડ પણ પ્રાપ્ત થયા છે. તો એક અનોખી પ્રથાને કારણે આ ગામ એકતાનું અનોખું ઉદાહરણરૂપ પુરવાર થયું છે અને તેથી અનોખી પ્રથાને કારણે ભારતભરમાં ચર્ચિત બન્યું છે તો છે ને આ એક અનોખી પ્રથા.

**સુરત - શીલા સુભાષ ભટ્ટ**

## ધાર્મિક આતંકવાદ

વિવિધ વૈશ્વિક સમસ્યાઓ પૈકીની એક સમસ્યા ધાર્મિક આતંકવાદ અંગેની છે. વિશ્વના અનેક દેશો આતંકવાદથી પરેશાન છે. ધાર્મિક કટ્ટરતાને પરિણામે ધાર્મિક આતંકવાદને પ્રોત્સાહન મળી રહ્યું છે. લોકોની ધાર્મિક લાગણીને ઉશ્કેરાવાથી ધાર્મિક આતંકવાદ વધુ વકરી રહ્યો છે. આતંકવાદીઓ તો ગુનેગાર છે જ પરંતુ એમને ધર્મને નામે ઉશ્કેરનારા મોટા ગુનેગાર. ખાસ કરીને રાજકીય અથવા ધાર્મિક હેતુઓને સિદ્ધ કરવા માટે આ પ્રકારના આતંકવાદને પ્રોત્સાહન મળી રહ્યું છે જે ખૂબ જ દુઃખની વાત છે. એવું જોવા મળી રહ્યું છે કે ધાર્મિક હેતુઓ માટે મળેલા દાનનો ઉપયોગ આતંકવાદ માટે થઈ રહ્યો છે. કોઈ પણ પ્રકારનો આતંકવાદ માનવજીવન માટે ખતરારૂપ છે. ધર્મનાં આધારે આતંકવાદ કે કટ્ટરતાને ક્યારેય યોગ્ય ઠરાવી શકાય નહીં. ફક્ત કોઈ એક દેશ માટે જ નહીં પરંતુ વૈશ્વિક સુરક્ષા માટે પણ આતંકવાદ મોટો ખતરો છે.

**નવસારી-ડો. જે. એમ. નાયક**

## પુસ્તકાલયોનું મહત્વ શા માટે ઘટવા લાગ્યું છે

લગભગ પંદર-વીસ વર્ષ અગાઉ વાચકોની વાંચન ભૂખ સંતોષવા માટે દરેક નગરમાં એકાદ નાનું મોટું પુસ્તકાલય જરૂરથી જોવા મળતું હતું. આવા પુસ્તકાલયો ખાનગી, સરકારી કે સહકારી ગમે તે એક પ્રકારનાં રહેતાં હતાં. અહીંયા વાચકો, સાહિત્ય રસિકો, કવિ/લેખકો તથા જૈફ વયના વ્યક્તિઓ આવતાં હતાં અને એમને જે પુસ્તક કે સાહિત્ય પસંદ પડે એનું વાંચન કરતાં હતાં. અગાઉના રજવાડામાં રાજા મહારાજાઓના સમયમાં પણ રાજકીય પુસ્તકાલયો બનાવવામાં આવતાં હતાં. વડોદરાના મહારાજા સર સયાજીરાવ ગાયકવાડે માંડવી વિસ્તારમાં, કવિ કલાપીએ લાઠીમાં, મહારાજા શ્રી ભગવતસિંહજી તો પુસ્તકાલય માટે બહુ જાણીતાં છે. ભગવદ્ગોમંડલ મહારાજા ભગવતસિંહજીની નિગરાની હેઠળ તૈયાર કરવામાં આવ્યો અને આજે પણ જ્ઞાની, પંડિત, ભાષાશાસ્ત્રીઓ અને ભાષા તજજ્ઞો હોંશે હોંશે ઉપયોગ કરે છે. હવે મોબાઈલથી દુનિયાભરની માહિતી માત્ર એક ક્લિક કરતાં જ મળી જાય છે, કોઈ પણ પ્રકારના મેગેઝિન, પુસ્તકો, કવિતાઓ, માહિતીઓ તથા સારૂં સાહિત્ય આસાનીથી ઉપલબ્ધ થવા લાગ્યું છે. આ કારણોસર વાચકોનો રૂખ પુસ્તકાલય તરફથી વળીને મોબાઈલ તરફ વળવા લાગ્યો. અગાઉ પુસ્તકાલયોમાં લાયબ્રેરી સાયન્સ કરેલો વ્યક્તિ જ લાયબ્રેરીયન કે ગ્રંથપાલ તરીકેની સેવા બજાવતો હતો, બીજું પુસ્તકાલયમાં સમયસર સરકારી ગ્રાન્ટ ફાળવવામાં આવતી નથી. સંચાલકો ઝાઝો ઉત્સાહ દાખવતાં નથી. આ બધાં કારણોસર ધીમેધીમે વાચકોનો ઉત્સાહ ઓસરવા લાગ્યો છે. હવે કોઈ પુસ્તકાલય માટે સમય ફાળવવા તૈયાર નથી. નવી પેઢીને તો પુસ્તકાલય એટલે શુ એ પણ ખબર નહીં પડે.

**હાલોલ - યોગેશ જોશી**

## સોનાનાં ઘરેણાં બાબતે સિક્કાની બીજી બાજુ

૨૩મી એપ્રિલ, ૨૦૨૫નાં ચર્ચાપત્ર વિભાગમાં ’સોનાનો મોહ શા માટે?’શીર્ષક હેઠળના ચર્ચાપત્રની રજૂઆતનો વિરોધ કરવાનો હેતુ નથી જ. પણ સોનાનાં ઘરેણાંની ઉપયોગીતા વિષે આ ચર્ચાપત્રીનાં વાંચવામાં કેટલીક વાતો આવી છે તે રજૂ છે. સોનાનો સીધો સંબંધ માનસિક સ્વાસ્થ્ય સાથે છે. અવસાદ કે નિરાશા અથવા ડિપ્રેશનની હોમીયોપેથીમાં મુખ્ય દવા જ ઓરમમેટ છે. જે સોનાનું લેટિન નામ છે. ઘરેણાંનો અન્ય હેતુ એક્યુપંચર અને એક્યૂપ્રેશરનો પણ હોય છે, જો ચોકસાઈથી કરવામાં આવે તો. અને ચર્ચાપત્રીએ નકલી ઘરેણાં પહેરવાની સલાહ આપી છે તેમાં ઘણી ધાતુ નકલી ઘરેણાં કાયમ પહેરવામાં આવે તો ડિપ્રેશન પણ પેદા કરી શકે છે માટે એવી ધાતુ વિચારીને પસંદ કરવી જરૂરી છે. અને ચોરનાર કે છીનવનાર જો અસલી-નકલીની ઓળખ નહીં કરી શકે તો ચોરી સાથે ઈજાની શક્યતા પણ રહે જ. ઘરેણાં પહેરીને ગીચ વસ્તીમાં ભૂલેચૂકે મહિલાઓ જાય તો રાજેન્દ્ર કર્ણિકની ચર્ચાપત્રમાંની સલાહ પ્રમાણે ચાલવાનો રસ્તો વાહન વ્યવહારની ઊલટી દિશાનો પકડવો, જેથી બાઇક પર આવતા ચોરથી દૂર રહેવાની શક્યતા વધી જાય. સાડીનાં છેડાથી, કે દુપટ્ટા વડે કે સ્કાફ વડે કાન અને ગળાનાં ભાગ ઢંકાઈ જાય તે રીતે માથું ઢાંકવું યોગ્ય રહેશે. અહીં એક વાત જરૂરી કે ઘરેણાં વધુ પડતું પ્રદર્શન કે સામાજિક સ્ટેટ્સ વધારવા કે છવાઈ જવાનાં હેતુથી પહેરવા એ ક્યારેક રેકી કરનારાઓને ઘર સુધી ખેંચી જવાનું અને જે અન્ય મહિલાઓ આવી મહિલાઓને જોઈને પોતાનો દેખાદેખી થી પેદા થયેલો શોખ પૂરો નહીં કરી શકે તે ક્યાં તો મનમાં ડિપ્રેશનની લાગણી અનુભવે છે.

**સુરત - પિયુષ મહેતા**

## કૂમળો છોડ, વાળીએ તેમ વળે

માળી જ્યારે બાગમાં છોડ રોપે છે ત્યારે, છોડ આમતેમ નમી પડતો હોય છે. એને સીધો અને વ્યવસ્થિત કરવા માટે માળીએ કેટલાક સપોર્ટ આપવા પડે છે. અને તેના મૂળિયા અને થડ બરાબર પકડ જમાવી લે પછી તે છોડ આપો આપ સીધો ઉછરવા લાગે છે. પછી ગમે તેવો પવન આવે કે વાવાઝોડું આવે એકવાર છોડ મજબૂતાઈ પકડી લે પછી તેને વાંધો આવતો નથી. એ જ રીતે બાળકોનું પણ છે. સારા, સંસ્કારી, નિર્વ્યસની, જ્ઞાનિ, યુવાનો આ દેશને આપવા હોય તો બચપણથી જ તેમના માળી રૂપી માતા પિતાએ તેમનામાં સારા સંસ્કારોનું સિંચન કરવું પડશે.તે માટે માતા પિતાએ પહેલાં સુધરવું પડશે. ઘરનું વાતાવરણ સંસ્કારી કુટુંબને અનુરૂપ બનાવવું પડશે. બાળકને સાચા ખોટાની સમજ આપવી પડશે. બાળકને મહાપુરુષો, સંતો, સારા નેતાઓના જીવન ચરિત્રોથી વાકેફ કરવા પડશે. પોતાનું બાળક સારા સંસ્કારી બાળકોની મિત્રતા કરે અને અસંસ્કારી બાળકોથી દૂર રહે તેનું ધ્યાન રાખવું પડશે.એકવાર બાળકને સાચાખોટાનો ખ્યાલ આવી જશે પછી એ બીજાઓને પણ સાચા રસ્તે દોરી જશે. આવું બાળક મોટું થઈને કુટુંબ અને દેશનું નામ રોશન કરશે. આમ કુટુંબરૂપી બાગના સંતાનો રૂપી કૂમળા છોડોને વાળીએ તેમ વળશે.

**સુરત - પ્રવિણ પરમાર**